सत्यमेव जयते

**GJAN080019532023**

**<u>–::નમૂનો–અ::–</u>** આંક–

**ઉમરેઠના પ્રિન્સિપાલ જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટ માં,**
**મુકામ: ઉમરેઠ.**
**ચુકાદાની તારીખ :–૦૭/૦૭/૨૦૨૬**
**ફોજદારી કેસ નં:– ૧૪૩૩/૨૦૨૩**

| | |
|---|---|
| ગુનાની કલમ | **ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૭૯,૩૩૭,૩૩૮ અને એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪ મુજબ** |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૧૫૦૩૫૨૩૦૦૯૯/૨૦૨૩ |
| પોલીસ સ્ટેશન | ઉમરેઠ |
| ફરીયાદીપક્ષ | સરકાર શ્રી. |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી **જે.સી.બારોટ** |
| આરોપીપક્ષ | **દિપકકુમાર પ્રકાશભાઇ દલવાડી,**<br>ઉ.વ.૨૫, રહે. ડાકોર નવો કુમ્ભાર વાડો , તા.ઠાસરા, જી.ખેડા. |
| રજુઆત | વિ.વકીલશ્રી **એસ.જી.શેઠ** |

**<u>–::નમૂનો–બ::–</u>**

| | |
|---|---|
| ગુન્હા ની તારીખ | ૦૩/૦૩/૨૦૨૩ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૪/૦૩/૨૦૨૩ |
| આખરી અહેવાલની તારીખ | ૦૬/૦૯/૨૦૨૩ |

| | |
|---|---|
| પ્લી લીધાની તારીખ | ૧૧/૧૦/૨૦૨૩ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૫/૦૫/૨૦૨૪ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૭/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૭/૦૭/૨૦૨૬ |
| સજા હુકમ ની તારીખ<br>(લાગુ પડે તો) | – |

**::આરોપીની વિગત::**

| આરોપીનું અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૪૬૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧. | **દિપકકુમાર પ્રકાશભાઇ દલવાડી** | ૨૯/૦૩/૨૦૨૩ | – | ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૭૯,૩૩૭, ૩૩૮ અને એમ.વી.એકટ ની કલમ– ૧૭૭,૧૮૪, મુજબ | નિર્દોષ છોડ્યા | – | – |

**::નમૂનો ક::**

**ફરિયાદી / બચાવ / ન્યાયાલય ના સાક્ષીની યાદી**

**અ. ફરિયાદ પક્ષ**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સા.૧ | સુરસિંગ ફતાભાઈ મકવાણા | ફરીયાદી |
| ફ.સા.૨ | ભગવાનભાઈ બુધાભાઈ જાદવ | પંચસાહેદ |
| ફ.સા.૩ | નિખિલભાઈ રામસિંહ જાદવ | પંચસાહેદ |
| ફ.સા.૪ | ગુલાબભાઈ અભેસિંહ ભેદી | સાહેદ |
| ફ.સા.૫ | ભુરીબેન ગુલાબસિંહ ભેદી | સાહેદ |
| ફ.સા.૬ | પ્રકાશભાઈ સુરસિંગભાઈ | સાહેદ |
| ફ.સા.૭ | કાશીબેન સુરસિંગભાઈ મકવાણા | સાહેદ |
| ફ.સા.૮ | અમિત કૌશિકભાઈ પટેલ | સાહેદ |
| ફ.સા.૯ | રાજુભાઈ મોહનભાઈ રાઠોડ | સાહેદ |
| ફ.સા.૧૦ | શૈલેષભાઈ રાવજીભાઈ રોઠોડ | સાહેદ |
| ફ.સા.૧૧ | રમેશભાઈ રામાભાઈ મકવાણા | સાહેદ |

**ફરીયાદી / બચાવ / ન્યાયાલય ના આંકની યાદી**

**અ. ફરિયાદ પક્ષ**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૫ | ફરિયાદી સુરસિંગ ફતાભાઈ મકવાણાની જુબાની |
| ૨ | ૦૬ | ફરિયાદ |
| ૩ | ૦૯ | પંચસાહેદ–ભગવાનભાઈ બુધાભાઈ જાદવની જુબાની |
| ૪ | ૧૦ | પંચનામું |
| ૫ | ૧૧ | પંચસાહેદ નિખિલભાઈ રામસિંહ જાદવની સોગંદ ઉપર જુબાની |
| ૬ | ૧૩ | સાહેદ ગુલાબભાઈ અભેસિંહ ભેદીની સોગંદ ઉપર જુબાની |
| ૭ | ૧૪ | સાહેદ ભુરીબેન ગુલાબસિંહ ભેદીની સોગંદ ઉપર જુબાની |

| | | |
|---|---|---|
| ૮ | ૧૬ | સાહેદ પ્રકાશભાઇ સુરસિંગભાઇ મકવાણાની સોગંદ ઉપર જુબાની |
| ૯ | ૧૭ | સાહેદ કાશીબેન સુરસિંગભાઇ મકવાણાની સોગંદ ઉપર જુબાની |
| ૧૦ | ૧૮ | સાહેદ અમિત કૌશિકભાઇ પટેલની સોગંદ ઉપર જુબાની |
| ૧૧ | ૧૯ | સાહેદ રાજુભાઇ મોહનભાઇ રાઠોડની સોગંદ ઉપર જુબાની |
| ૧૨ | ૨૦ | સાહેદ શૈલેષભાઇ રાવજીભાઇ રોઠોડની સોગંદ ઉપર જુબાની |
| ૧૩ | ૨૧–૨૨ | મેડિકલ સર્ટિફિકેટ |
| ૧૪ | ૨૩ | સાહેદ રમેશભાઇ રામાભાઇ મકવાણાની સોગંદ ઉપર જુબાની |

## <u>::–ચુકાદો–::</u>

**<u>(૧) કેસની ટૂંકી હકીકત :–</u>**

ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત જોઈએ તો, ગુનો– ઇ.પી.કો કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮ એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ મુજબ તે એવી રીતે કે,તો.દારે તા.૦૩/૦૩/૨૦૨૩ રોજ કલાક: ૧૯/૦૦ વાગ્યાના મોજે પરવટા નહેરના કાસ નજીક આ કામના ફરિયાદી સુરસિંગભાઇ તથા સાહેદ ગુલાબસિંગ ચાલતા પરવટા તરફ જતા સામેથી આ કામના આરોપી પોતાનું મો.સા.નં.જીજે–૦૭–ઈકે–૧૯૭૪ પુરઝડેપ અને ગફલતભરી રીતે હંકારી ઉમરેઠ રોડ તરફ લઇ આવતા ફરીયાદી તથા સાહેદને અથડાવી એકસિડેન્ટ કરતા ફરિયાદી સુરસિંગભાઇને જમણા હાથે તથા શરીરે ઈજા કરી તથા સાહેદ ગુલાબસિંગનાઓને ડાબા પગે ફ્રેકચર કરી શરીરે ઈજાઓ કરી ગુન્હા વિરુધ્ધ સદર બનાવ અંગે ફરીયાદ આપેલ જેના અનુસંધાને ગુન્હો રજીસ્ટર થયેલ અને તપાસના અંતે તપાસ કરનાર અમલદાર ધ્વારા હાલના આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત નંબરથી અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

**<u>(૨) ન્યાયિક કાર્યવાહી :–</u>**

આરોપી સામે ચાર્જશીટ રજૂ થતાં આરોપી સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ/વોરંટ ધોરણસર બજી જતાં જેનાં અનુસંધાને આરોપી અત્રેની અદાલતમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ ચાર્જશીટ તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ આંક–૦૪ થી ગુન્હા અંગે સમજ લેવામાં આવતાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ. ત્યારબાદ ફરિયાદ પક્ષનો પુરાવો લેવામાં આવેલ.

**<u>(૩)</u>** ત્યારબાદ ફરીયાદપક્ષે પુરાવો પુરો થયાનું મૌખિક રીતે જાહેર કરેલ છે. ફરિયાદપક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવતા, આરોપીઓએ ફરિયાદ પક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જયારે બાકીના પૂછવામાં આવેલ પ્રશ્નોનો ઈન્કારીયતભર્યો જવાબ આપી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે. અને વિશેષમાં રજૂઆત કરેલ છે કે તેઓ નિર્દોષ છે, તેમની સામે ખોટો કેસ કરેલ હોવાનું અને ખોટું ચાર્જશીટ કરેલ છે.

**<u>(૪)</u>** ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રી જે.સી.બારોટની મૌખિક દલીલો સાંભળી તથા આરોપી તરફે વિ. વકીલશ્રી એસ.જી.શેઠની મૌખિક દલીલો સાંભળી.

**–::મુદાઓ::–**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, તો.દારે તા.૦૩/૦૩/૨૦૨૩ રોજ કલાક: ૧૯/૦૦ વાગ્યાના મોજે પરવટા નહેરના કાસ નજીક આ કામના ફરિયાદી સુરસિંગભાઈ તથા સાહેદ ગુલાબસિંગ ચાલતા પરવટા તરફ જતા સામેથી આ કામના આરોપી પોતાનું મો.સા.નં.જીજે–૦૭–ઈકે–૧૯૭૪ પુરઝડેપ અને ગફલતભરી રીતે હંકારી ઉમરેઠ રોડ તરફ લઈ આવતા ફરીયાદી તથા સાહેદને અથડાવી એકસિડેન્ટ કરતા ફરિયાદી સુરસિંગભાઈને જમણા હાથે તથા શરીરે ઈજા કરી તથા સાહેદ ગુલાબસિંગનાઓને ડાબા પગે ફેકચર કરી શરીરે ઈજાઓ કરી એક્સીડન્ટ કરી ઈ.પી.કો કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮ એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે? |
| (૨) | શું હુકમ? |

**(૫)** ઉપરોકત મુદાઓના પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | **નકારમાં.** |
| (૨) | આખરી હુકમ મુજબ |

**–::કારણો::–**

**મુદા નંબર :– ૧**

**(૬)** ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે આંક–૦૫ થી ફરિયાદી સુરસિંગ ફતાભાઈ મકવાણાનું સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, હું ઉપરોક્ત દર્શાવેલ સરનામે મારા કુટુંબીજનો સાથે રહું છુ અને બનાવ સમયે હું ભાવિક ફાર્મ પરવટા ખાતે રહું છું. બનાવ સમયે હું મારા કુટુંબ સાથે રહેતો હતો. મારે બે દિકરા અને બે દિકરી છે. બનાવ સમયે મારી સાથે બીજુ કોઈ

રહેતુ ન હતું. બનાવ ગઈ સાલ હોળી પહેલા બનેલો ત્યારે સાંજના સમયે અંધારુ થઇ ગયેલ. ભાવિક ફાર્મ માં તમાકુનું કામ કરતા હતા. તે વખતે મારા સાથે બીજા કોઈ મંજુરો હતા નહી. મારુ તમાકુનું કામ પતાવી સાંજના સાત વાગે પરવટા મરીમસાલ લેવા માટે નિકળેલ તે પાકો રસ્તો છે. હું રોડ ક્રોસ કરતા રોડ પર આવતા વાહન ઉભુ રાખવા માટે હાથ બતાવતા પણ બાઇક ઉભુ રહેલ નહી. બાઈક અંધારુ થઇ ગયેલ હોય તેની ઝડપ વિષે હું કહી શકુ નહી અને મને બાઇક અથડાતા હું નીચે પડી ગયેલ અને હુ બેભાન થઇ ગયેલ અને ૧૦૮ ગાડીમાં લઇ ગયેલ અને તે વખતે મારી સાથે ગુલાબસિંહ પણ હતા અને તેઓને પણ ઇજા થયેલી. અમો બને ને સરકારી નડીયાદ હોસ્પીટલમાં સારવાર માટે લાવેલ. મને શરીરના જમણા કેડના ભાગે ઈજા થયેલી અને જમણા હાથે પણ ઈજા થયેલી અને મારા સંબંધી ગુલાબસિંહ ને ઈજા થયેલી અને તેમનો પગ ભાંગી ગયેલ. તે સીવાય બીજા કોઈ ને ઈજા થયેલી નહી. અમોને અકસ્માત કરનાર બાઇક નો નંબર કોઇએ જણાવેલ નહી. મે બનાવ અંગે મે ફરીયાદ આપેલી. જે ફરીયાદ ની નકલ મને બતાવામાં આવે છે તે જોઇને કહુ છુ કે તેમા મારી સહી છે. જે ફરીયાદ ની નકલ ને બચાવ પક્ષની સમંતીથી રજુ દા. આંક–૦૬ આપવામાં આવે છે. બનાવ અંધારામાં બનેલ હતો જેથી હું આરોપીનો ચેહરો જોઈ શકેલ નહી. જેથી હાલ હું આરોપીને જોયથી ઓળખી શકુ નહી.

સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન ન આપતા તેમને વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેમની ઉલટતપાસ લેતા તેમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી નથી કે, મે મારી પોલીસ રૂબરૂની ફરીયાદમાં એવુ લખાવેલ હતુ કે, ભાવિક ફાર્મ થી પરવટા તરફ નહેરના કાંસ નજીક ચાલતા જતા સામેથી એક બાઇક ચાલક તેનું બાઇક લઇ પુરઝડપે આવેલ અને અમો રોડની સાઇડમાં ચાલતા હતા જેમા હું આગળ આ બાઇક ચાલતો હતો અને મારા સાઢુ ગુલાબસિંહ પાછળ ચાલતા હતા. અમો બંન્નેને આ ચાલકે અથડાવી અકસ્માત કરતા અમો બંને નીચ પડી ગયેલ. એ વાત ખરી છે કે, ભાવિક ફાર્મ ઉપર રહેતા શૈલેષભાઇનાઓએ મને બાઇક નો નંબર જણાવેલ હતો તેવુ મારી ફરીયાદમાં લખાવેલ છે.

સદર સાહેદની આરોપી તર્ફે ઉલટતપાસ લેતા તેમાં તેઓ જણાવે છે કે,હું ભણેલો નથી. મે પોલીસ ને જે લખાવેલ તે વાંચેલુ નહી. પોલીસે શું લખેલુ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, હું ભણેલ નથી એટલે બાઈકનો નંબર જોઈ શકેલ નહી. એ વાત ખરી છે કે, બાઈક નો નંબર પોલીસ વાળાએ લખેલો. એ વાત ખરી છે કે, આ બનાવ સમયે મને અને ગુલાબસિંહ ને વાગતા અમે બેભાન થઇ ગયેલા. એ વાત ખરી છે કે, પછી શુ બનેલુ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, અમે બંન્ને અંધારામાં રોડ ક્રોસ કરતા હતા અને તે રસ્તા પર ઘણા બધા વાહનોની અવરજવર હતી. એ વાત ખરી છે કે, કયા વાહન થી અકસ્માત થયેલ તે હુ કહી શકુ નહી.

(૭) સદર કામે આંક–૦૯ થી પંચસાહેદ ભગવાનભાઈ બુધાભાઈ જાદવને અને આંક–૧૧ થી પંચસાહેદ નિખિલભાઇ રામસિંહ જાદવનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પંચનામામાં પોતાની સહી હોવાની વાતનો સ્વિકાર કરે છે, તે સિવાયની તમામ બાબતોનો ઈન્કાર કરતા આવેલ છે. ફરિયાદપક્ષ દ્ધારા તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેમની ઉલટતપાસ લેતા તેમાં પણ કોઈ હિકકત બહાર આવેલ નહિ. આમ, સદર કામે આંક–૧૦ થી રજૂ પંચનામું પુરવાર થતુ નથી.

(૮) ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન તરતા આ કામે આંક–૧૩ થી સાહેદ ગુલાબભાઈ અભેસિંહ ભેદીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે,છુટક મજુરી કામ કરીએ છીએ અને અમારુ ગુજરાન ચલાવીએ છીએ. આજથી આશરે ચાર વર્ષ અગાઉ પરવટા ગામે હું તથા મારા પત્ની તથા દસેક માણસો તમાકુ કાપવાની મજુરી માટે આવેલા અને તે સમયે અમો પરવટા ગામમા રોકાતા હતા અને બનાવ સમયે હું બેભાન થઇ ગયેલ જેથી બનાવ કયા સમયે અને કઈ જગ્યાએ બનેલો તેની મને ખબર નથી. કયા સાધનથી અકસ્માત થયેલો તેની પણ મને ખબર નથી. મારા સાટુ ભાઈ સુરસીંગભાઈ થાય છે અને સાળીનુ નામ કાશીબેન છે અને તેમને પ્રકાશ કરીને એક દીકરો છે.

સાટુ ભાઈ સુરસીંગભાઈ થાય છે અને સાળીનુ નામ કાશીબેન છે અને તેમને પ્રકાશ કરીને એક દીકરો છે.

સદર સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય, વિદ્ધાન એ.પી.પી.શ્રી દ્ધારા તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી, તેઓની ઉલટતપાસ લેતા તેમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, ગઈ તા.૦૩/૦૩/૨૦૨૩ ના સવારના ૬ વાગ્યાના સુમારે ભાવિક ફાર્મ નજીક ખેતરમાં તમાકુનો ભુકો પાડવા ગયેલો અને જેમા બીજા મજુરો પણ સાથે હતા અને આખો દીવસ તમાકુનુ કામ કરી સાંજના તમાકુની ગાંસળીયો ટ્રેક્ટરમાં ભરી પરવટા મુકામે ગયેલા અને ટ્રેક્ટર નાનુ હોય જેથી હુ તથા મારા રાહુ ભાઈ સુરસીંગભાઈનાઓ ચાલતા પરવટા ગામે તમાકુ ઉતારવા ભાવિક ફાર્મ તરફના રસ્તાની સાઈડે ચાલતા હતા અને સાંજના આશરે ૭ વાગ્યાના સુમારે ભાવિક ફાર્મથી પરવટા તરફ નહેરના ઘાસ નજીક ચાલતા જતા સામેથી એક બાઇકચાલક તેનુ બાઈક લઈ પુર ઝડપે આવેલ અને અમો રોડની સાઈડમા ચાલતા હતા જેમા મારી આગળ મારા સાઢુભાઈ સુરસીંગભાઈનાઓ ચાલતા હતા અને હુ તેમની પાછળ ચાલતો હતો અને અમને બંનેને આ બાઈકચાલકે બાઈક અથડાવી એક્સિડન્ટ કરતા અમો નીચે પડી ગયેલ અને બેભાન થઈ ગયેલ અને ૧૦૮ મા અમો બંનેને મારી પત્ની ભુરીબેન તથા મારી સાળી કાશીબેન તથા તેમનો દીકરો પ્રકાશભાઈનાઓ નડીયાદ સીવીલ હોસ્પીટલમા લાવેલ અને સારવાર માટે દાખલ કરેલ અને આ એક્સિડન્ટમા મને બંને પગે સખત ઈજા થયેલી તથા કપાળમાં જમણી બાજુ તથા દાઢીના ભાગે તથા જમણા હાથના પંજા ઉપર ઈજા થયેલ અને મારા સાહુ ભાઈ સુરસીંગભાઈનાઓને જમણા હાથે ઈજા થયેલ. એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમા એવુ લખાવેલ કે, સદર બાઈકચાલકનાઓ રોડ ઉપર પડતા તેને પણ માથાના ભાગે ઈજા થયેલ જે જાણવા મળેલ. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવું લખાવેલ કે બાઈકનો નંબર ભાવિક ફાર્મમાં રહેતા શૈલેષભાઈનાઓએ જોયેલ તો GJ 07 EK 1974 નો હતો. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ કે, આ બાઈકચાલક વિરૂધ્ધ મારા સાઢુ સુરસીંગભાઈનાઓએ કાયદેસર તપાસ કરવા ફરીયાદ આપેલી.

સદર સાહેદની આરોપી તર્ફે ઉલટતપાસ લેતા તેમાં તેઓ જણાવે છે

કે, હું અભણ છુ. મારે અને પોલીસને મળવાનું થયેલુ નહી. એ વાત ખરી છે કે, કહેવાતા બનાવ સમયે હું બેભાન થઈ ગયેલો. એ વાત ખરી છે કે, કહેવાતા બનાવ પછી બે એક દીવસ હું બેભાન રહેલો. એ વાત ખરી છે કે, કહેવાતો બનાવ અચાનક બનેલો, કેવી રીતે બન્યો તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે, કયા વાહનથી અને કોની બેદરકારીથી બનાવ બનેલો તે હું કહી શકુ નહી.

<u>(૯)</u> ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે આંક–૧૪ થી ભુરીબેન ગુલાબસિંહ ભેદીને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, છુટક મજુરી કામ કરીએ છીએ અને અમારુ ગુજરાન ચલાવીએ છીએ. આજથી આશરે ચાર વર્ષ અગાઉ પરવટા ગામે હુ તથા મારા પતિ તથા દસેક માણસો તમાકુ કાપવાની મંજુરી માટે આવેલા અને તે સમયે અર્મો પરવટા ગામમાં રોકાતા હતા અને બનાવના દીવરો પરવટા રોડ ઉપર ફાર્મ હાઉસ આવેલ છે ત્યા તમાકુ કાપવાની મંજુરી કરતા હતા તે ફાર્મનું નામ મને ખબર નથી બનાવ સાંજના આશરે સાત વાગ્યાની આસપાસ અનેલ બનાવ સમયે અમો રૂમ ઉપર જતા રહેલ અને મારા પતિ તથા સુરસીંગભાઈ નાઓ સાથે ચાલતા આવતા હતા ત્યારે બાઈકવાળાએ અકસ્માત કરેલાનું અમોને જણાવેલું અમો તે સમયે બજર હતા નહી.અમે જ્યા રહેતા હતા તે શેઠના નોકરે અમોને ફોન કરીને જણાવતા અમો બનાવ સ્થળે ગયેલ અને ત્યાર બાદ મારા પતિ તથા સુરસીંગભાઈનાઓને ૧૦૮મા નડીઆદ દવાખાને લઈ ગયેલા. મારા પતિને પગમા તથા કપાળમાં ઈજા થયેલ અને તેઓની સાથે હતા તે સુરસીંગભાઈને ઓછી ઈજાઓ થયેલ. તે સિવાય બીજા કોઇને વાગેલ હોય તેની મને જાણ નથી. પોલીસે મારો જવાબ લીધેલો.

સદર સાહેદની આરોપી તર્ફે ઉલટતપાસ લેતા તેમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, કહેવાતા બનાવ સમયે હુ રૂમ ઉપર હાજર હતી. એ વાત ખરી છે કે બભાવ સમયે હું હાજર ન હોવ બનાવ કઈ રીતે બનેલો તે હુ કહી શકુ નહી.એ વાત ખરી છે કે બનાવ બાદ મારે અને પોલીરાને મળવાનું થયેલું એ વાત ખરી છે કે પોલીસે મારુ નામહામ અને સરનામું પુછેલું.એ વાત

ખરી છે કે બનાવની હકીકત મને વાતો વાતથી જાણવા મળેલ.

**(૧૦)** ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે આંક–૧૬ થી સાહેદ પ્રકાશભાઈ સુરસિંગભાઈ મકવાણાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે,અમો બે ભાઈ તથા બે બહેન છીએ. સને ૨૦૨૩ માં તમાકુ કાપવાની મજૂરી માટે અમો ઘરના તથા બીજા દશેક માણસો પરવટા ગામે આવેલ અને પરવટા નજીક એક ફાર્મમાં રહેતા હતા તે ફાર્મનું નામ હાલમાં મને યાદ નથી. અમારી સાથે અમારા બીજા સગાવ્હાલા પણ મજૂરી માટે રોકાયેલા જે ઘણા બધા હોય હાલમાં મને યાદ નથી. બનાવ ક્યા સમયે અને ક્યા બનેલો તે મને યાદ નથી. મારા પિતા તથા તેમની સાથે મારા સગા હતા જેઓનું નામ મને ખબર નથી. તેઓને અકસ્માત થયેલ હોવા અંગે મને ફોન પર જાણ થયેલ. આ અકસ્માત ક્યા સાધન વડે થયેલ તેની મને ખબર નથી. આ અકસ્માતમાં મારા પિતા તથા મારા સગાને ક્યાં વાગેલ તે અંગે મને ખબર નથી અને તેઓને ક્યા દવાખાનામાં સારવાર માટે લઈ ગયેલ તે અંગે પણ મને ખબર નથી.

સદર સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય, વિદ્ધાન એ.પી.પી.શ્રી દ્ધારા તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી, તેઓની ઉલટતપાસ લેતા તેમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી નથી કે મેં મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવું લખાવેલ કે અમારી સાથે વંદેલી ગામના મારા માસા ગુલાબસિંહ અભેસિંહ પેંથી તથા મારી માસી ભૂરીબેનનાઓ પણ તમાકુની મજૂરી કરતા હતા. બનાવના સવારના છ વાગ્યાના સુમારે ભાવિક ફાર્મ નજીક તમાકુનો ભુકો પાડવા ગયેલા અને આખો દિવસ તમાકુનુ કામ કરી તમાકુની ગાંસડીઓ ટ્રેક્ટરમાં ભરી પરવટા ગામે મોકલેલ. અને તમાકુનુ કામ પૂરૂ થતા હું તથા મારી મમ્મી તથા મારા માસી ભૂરીબેનનાઓ અમારા રહેઠાણ પર પરત આવેલ અને ટ્રેક્ટર નાનું હોય મારા પિતા તથા મારા માસા ગુલાસસિંગ ભાવિક ફાર્મ તરફના રસ્તાની સાઈડ ચાલતા જતા હતા અને સાંજના આશરે સાત વાગ્યાના સુમારે ટ્રેક્ટર ચાલક અમિતભાઈનાઓને રાજુભાઈ મોહનભાઈનાઓને ટેલિફોન કરેલ અને જણાવેલ કે ભાવિક ફાર્મથી

પરવટા તરફ નહેરના કાંસ નજીક એક બાઈક ચાલક તેનું બાઈક લઈ લીંગડા તરફથી પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈ આવી ગુલાબસિંગ તથા સુરસિંહનાઓને બાઈકે ચાલકે બાઈક અથડાવી એક્સીડન્ટ કરેલ છે અને ઈજાઓ થયેલ અને તેમ જણાવતા હુ તથા મારરી મમ્મી તથા મારી માસી તાત્કાલિક ત્યાં ગયેલ. બાઈક ચાલકનો બાઈકનો નંબર ભાવિક ફાર્મ પર રહેતા શૈલેષભાઈનાઓએ જોયલ તો જી.જે.૦૭ ઈ.કે. ૧૯૭૪ નો હતો.

સદર સાહેદની આરોપી તર્ફે ઉલટતપાસ લેતા તેમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, કહેવાતા બનાવ વખતે હું મારા ઘરે હતો. એ વાત ખરી છે કે, બનાવ કોની બેદરકારીથી બનેલ તે હુ કહી શકુ નહી.

<u>**(૧૧)**</u> ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન તરતા  આ કામે આંક–૧૭ થી સાહેદ કાશીબેન સુરસિંગભાઈ મકવાણાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, મારે બે દિકરા તથા બે દિકરીઓ છે.સને ૨૦૨૩ માં તમાકુ કાપવાની મજૂરી માટે અમો ઘરના તથા બીજા દશેક માણસો પરવટા ગામે આવેલ અને પરવટા નજીક એક ફાર્મમાં રહેતા હતા તે ફાર્મનું નામ હાલમાં મને યાદ નથી. અમારી સાથે અમારા બીજા સગાવ્હાલા પણ મજૂરી માટે રોકાયેલા જેમાં ગુલાબસિંગ પેંથી તથા મારી બહેન ભૂરીબેન પણ હતા. મારા પતિ તથા તેમની સાથે મારા સગા ગુલાબસિંગ હતા. તેઓને અકસ્માત થયેલ હોવા અંગે મારા દિકરાને ફોન પર જાણ થયેલ. આ અકસ્માત ક્યા સાધન વડે થયેલ તેની મને ખબર નથી. આ અકસ્માતમાં મારા પતિ તથા મારા સગાને ક્યાં વાગેલ તે અંગે મને ખબર નથી અને તેઓને ક્યા દવાખાનામાં સારવાર માટે લઈ ગયેલ તે અંગે પણ મને ખબર નથી.

સદર સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય, વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી, તેઓની ઉલટતપાસ લેતા તેમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી નથી કે મેં મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવું લખાવેલ કે અમારી સાથે વંદેલી ગામના મારા માસા ગુલાબસિંહ અભેસિંહ પેંથી તથા મારી માસી ભૂરીબેનનાઓ પણ તમાકુની મજૂરી કરતા હતા. બનાવના સવારના છ વાગ્યાના સુમારે ભાવિક

ફાર્મ નજીક તમાકુનો ભુકો પાડવા ગયેલા અને આખો દિવસ તમાકુનુ કામ કરી તમાકુની ગાંસડીઓ ટ્રેક્ટરમાં ભરી પરવટા ગામે મોકલેલ. અને તમાકુનુ કામ પૂરૂ થતા હું તથા મારી મમ્મી તથા મારા માસી ભૂરીબેનનાઓ અમારા રહેઠાણ પર પરત આવેલ અને ટ્રેક્ટર નાનું હોય મારા પિતા તથા મારા માસા ગુલાસસિંગ ભાવિક ફાર્મ તરફના રસ્તાની સાઈડ ચાલતા જતા હતા અને સાંજના આશરે સાત વાગ્યાના સુમારે ટ્રેક્ટર ચાલક અમિતભાઈનાઓને રાજુભાઈ મોહનભાઈનાઓને ટેલિફોન કરેલ અને જણાવેલ કે ભાવિક ફાર્મથી પરવટા તરફ નહેરના કાંસ નજીક એક બાઈક ચાલક તેનું બાઈક લઈ લીંગડા તરફથી પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈ આવી ગુલાબસિંગ તથા સુરસિંહનાઓને બાઈકે ચાલકે બાઈક અથડાવી એક્સીડન્ટ કરેલ છે અને ઈજાઓ થયેલ અને તેમ જણાવતા હુ તથા મારરી મમ્મી તથા મારી માસી તાત્કાલિક ત્યાં ગયેલ. બાઈક ચાલકનો બાઈકનો નંબર ભાવિક ફાર્મ પર રહેતા શૈલેષભાઈનાઓએ જોયલ તો જી.જે.૦૭ ઈ.કે. ૧૯૭૪ નો હતો.

સદર સાહેદની આરોપી તર્ફે ઉલટતપાસ લેતા તેમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, કહેવાતા બનાવ વખતે હું મારા ઘરે હતો. એ વાત ખરી છે કે, બનાવ કોની બેદરકારીથી બનેલ તે હુ કહી શકુ નહી.

**<u>(૧૨)</u>** ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન તરતા આ કામે આંક–૧૮ થી સાહેદ અમિત કૌશિકભાઈ પટેલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, અમો ખેતી કામ કરીએ છીએ અને અમારુ ગુજરાન ચલાવીએ છીએ. મારી પાસે મહીન્દ્રા કંપનીનુ જીઓ મીની ટ્રેક્ટર નં GJ 23 CC 0947 નો છે. મારી જમીન ભાવિક ફાર્મના પાછળના ભાગે આવેલ છે. બનાવ સમયે મારે ત્યા પંચમહાલ બાજુના મજુરો કામ અર્થે આવેલા તેઓના નામ મને ખબર નથી. બનાવ અંગેની તારીખ મને ચોક્કસ યાદ નથી પરંતુ બે ત્રણ વર્ષ પહેલા બનેલો. બનાવ અકસ્માતમા થયેલ અને તે અકસ્માતમાં ઈજા પામનાર બે ત્રણ વ્યક્તિઓને મે ૧૦૮ મા બેસાડેલ તે સ્થળ પરવટા ગામ પાસે ડીસેન્ટ બેકરીની સામે આવેલ. આ અકસ્માત કેવી રીતે અને કયા સાધનથી બનેલ તે હું કહી ના શકુ.

સદર સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય, વિદ્ધાન એ.પી.પી.શ્રી દ્ધારા તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી, તેમની ઉલટતપાસ લેતા તેમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી નથી કે, મેં મારા પોલીસ રૂબરૂના નિવેદનમા એવુ લખાવેલ કે, ભાવિક ફાર્મમાં છેલ્લા દશેક દિવસથી પંચમહાલ મોરવાના સુરસીંગભાઈ તથા તેમના સાઢુ ગુલાબસિંહ તેમના કુટુંબ સાથે મજુરી અર્થે આવેલા.એ વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમા એવુ લખાવેલ કે તે મજુરો બનાવના છેલ્લા ચારેક દીવસથી મારા તમાકુ વાળા ખેતરમા તમાકુ કાપવાનુ તથા તમાકુ ખંખેરવાનુ કામ કરે છે.એ વાત ખરી છે કે બનાવના રોજ સવારના છ એક વાગે મારા ખેતરમાં આ ગુલાબભાઈ તથા સુરસીંગભાઈ તથા તેમના ઘરની સભ્યો તમાકુનો ભુકો પાડવાની મજુરીએ આવેલા અને આખો દીવસ તમાકુનુ કામ કરેલ અને સાંજના તમાકુની ગાસેડીઓ બાંધી ટ્રેક્ટરમાં મુકેલ અને હુ પરવટા ગામ તરફ જતો હતો અને આ ટ્રેકટર નાનુ હોચ જેથી આ સુરસીંગભાઈ તથા ગુલાબસિંઘ નાઓ ચાલતા આવતા હતા.એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમા એવુ લખાવેલ કે લખાવેલ કે પરવટા નહેરના કાસ નજીક હુ ટ્રેક્ટર લઈ જતો હતો તે વખતે લીંગડા તરફથી એક બાઇક ચાલક તેની બાઇક પુર ઝડપે લઈ ગફલતભરી રીતે લઈ આવતા ચાલતા જતા સુરસીંગભાઈ તથા ગુલાબભાઈનાઓને બાઈકચાલકે અથડાવી એક્સિડન્ટ કરેલ.એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમા એવુ લખાવેલ કે મે ટ્રેક્ટર સાઇડમાં ઉભુ રાખી જોયેલ તો સુરસીંગભાઈને જમણા હાથે ઈજા થયેલ અને શરીરે ટક્કર વાગેલ અને ગુલાબભાઇને બંને પગે તથા કપાળમા જમણી બાજુ તથા દાઢીના ભાગે તથા જમણા હાથના પંજા ઉપર ઈજા થયેલ.એ વાત હુ જાણુ છુ કે એક વ્યક્તિને હાથ ભાગી ગયેલો, બીજા વ્યક્તિને પગ તુટી ગયેલ અને ત્રીજા વ્યક્તિને માથુ તુટી અને લોહી નીકળેલ. એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમા એવુ લખાવેલ કે મે બાઈકનો નંબર જોયેલ તો G 07 EK 1974 નો હતો.એ વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમા એવુ લખાવેલ કે ભાવિક ફાર્મમા રહેતા રાજુભાઈ રાઠોડને જાણ કરેલ.એ વાત ખરી છે કે મે ૧૦૮ મા ફોન કરેલ અને ૧૦૮ ગાડી આવતા આ

ઈજા પામનારનાઓને દવાખાને લઈ ગયેલા.એ વાત ખરી નથી કે બનાવ મે નજરે જોયેલ તેમ છતા આરોપીને બચાવવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું.

<u>**(૧૩)**</u> ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન તરતા આ કામે આંક-૧૯ થી સાહેદ રાજુભાઈ મોહનભાઈ રાઠોડને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે,અમો ભાવિક ફાર્મમા છેલ્લા ત્રીસ એક વર્ષથી કામ કરીએ છીએ. બનાવ અંગેની તારીખ મને ચોક્કસ યાદ નથી પરંતુ બે ત્રણ વર્ષ પહેલા બનેલો. બનાવ સમયે હુ ભાવિક ફાર્મ ઉપર હાજર હતો અને અમિતભાઈનાઓએ મને ટેલીફોન કરેલ અને કહેલ કે મજુરોને એક્સીડન્ટ થયેલ છે તો તુ જલ્દી આવ. મજુરોને કેવી રીતના અને કયા સાધનથી અકસ્માત થયેલ તે વિશે મને કઈ જણાવેલ ન હતુ.અમિતભાઈનો ફોન આવેલ પછી હુ બનાવવાળી જગ્યાએ ગયેલ અને બે મિનિટ બાદ એમ્બ્યુલન્સ આવેલ અને અમોએ ઈજા પામેલ ત્રણ વ્યક્તિઓને એમ્બ્યુલન્સમા બેસાડેલા અને તે ત્રણેય વ્યક્તિઓને કઈ જગ્યાએ સારવાર માટે લઈ ગયેલા તેની મને ખબર નથી. હું બનાવ સ્થળે ગયેલ ત્યારે કોઈ સાધન પડેલ હોય તેવુ જોયેલ નહી. આ અકસ્માત કરનાર સાધનનો ચાલક કોણ હતો તે અંગે પણ મને કઈ જાણ નથી. પોલીસે મારો જવાબ લીધેલો.

સદર સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય, વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી, તેઓની ઉલટતપાસ લેતા તેમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમા એવુ લખાવેલ કે મજુરી કામ અર્થે રહેતા મજુરોમા એક સુરસીંગભાઈ તથા ગુલાબસિંહનાઓ હતા. એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમા એવુ લખાવેલ કે સુરસીંગભાઈ તથા ગુલાબસિંહનાઓ પરવટા ગામે તમાકુ ઉતારવા ભાવિક ફાર્મ તરફના રસ્તાની સાઈડે ચાલતા જતા પરવટા તળાવ આગળ આવતા એક બાઈક ચાલક લીંગડા તરફથી બાઈક લઈ પુરઝડપે આવતા આ બંનેને અથડાવી એક્સીડન્ટ કરેલ છે.એ વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરૂના નિવદેનમા એવુ લખાવેલ

કે હુ તથા ગુલાબસિંહના પત્ની ભુરીબેન તથા સુરસીંગભાઈના પત્ની કાશીઅન નીચે તેમનો દીકરો પ્રકાશનાઓ જગ્યા ઉપર ગયેલ અને જોયેલ તો સુરસીંગભાઈ તથા ગુલાબભાઈનાઓ નીચે બેભાન હાલતમા પડેલ હતા. એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમા એવુ લખાવેલ કે નજીકમા પડેલ બાઈક નો નંબર મે જોતા તેનો નંબર GJ 07 EK 1974 નો હતો.એ વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ કે મને જાણવા મળેલ કે આ બાઈકચાલકને પણ માથાના ભાગે ઈજા થયેલ હતી.એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમા એવુ લખાવેલ કે, આ બાઈકચાલક ડાકોરના દીપ પ્રકાશભાઈ દલવાડી નાઓ હતા.

સદર સાહેદની આરોપી તર્ફે ઉલટતપાસ લેતા તેમા તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, મારે પોલીસવાળાઓને મળવાનું થયેલુ. એ વાત ખરી છે કે, પોલીસે અમારી જોડે વાતચીત કરેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, વાતચીત કર્યા બાદ સહીઓ લીધેલી. એ વાત ખરી છે કે, તે સહીઓ કોરા કાગળમા લીધેલી. એ વાત ખરી છે કે, બનાવ બનેલ ત્યારે હું ત્યા હાજર ન હતો. એ વાત ખરી છે કે, બનાવ સમયે હુ હાજર ન હતો તેથી મને બનાવ અંગે કોઈ જાત માહિતી નથી.

**<u>(૧૪)</u>** ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન તરતા આ કામે આંક–૨૦ થી સાહેદ શૈલેષભાઈ રાવજીભાઈ રાઠોડને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે,અમો ભાવિક ફાર્મમા છેલ્લા દશ વર્ષથી કામ કરીએ છીએ.બનાવ અંગેની તારીખ મને ચોક્કસ યાદ નથી પરંતુ બે ત્રણ વર્ષ પહેલા બનેલો. બનાવ સમયે હુ ભાવિક ફાર્મ ઉપર હાજર હતો તે સમયે મારી સાથે કામ કરતા રાજુભાઈ મોહનભાઈ રાઠોડનાઓ જમવા ગયેલ. હુ મારા ઘરે જમવા ગયેલ ત્યારે મને બનાવની જાણ થયેલી. બનાવમા ભાવિક ફાર્મમા રોકાયેલા અને આજુબાજુના ખેતરોમા કામ કરતા હતા તે મજુરો જેઓના નામ મને ખબર નથી.તેઓને અકસ્માત થયેલાનુ મે જાણેલુ.આ અકસ્માત કેવી રીતે અને કયા સાધનથી થયેલ તેની મને ખબર નથી.હુ બનાવ સ્થળે ગયેલ નહી. અકસ્માત કરનાર વાહનનો નંબર હુ જાણતો નથી.પોલીસે મારો જવાબ લીધેલો.

સદર સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય, વિદ્ગાન એ.પી.પી.શ્રી દ્ગારા તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી, તેમની ઉલટતપાસ લેતા તેમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ કે, મજુરી કામ અર્થે રહેતા મજુરોમા એક સુરસીંગભાઈ તથા ગુલાબસિંહનાઓ હતા.એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમા એવુ લખાવેલ કે, સુરસીંગભાઈ તથા ગુલાબસિંહનાઓ પરવટા ગામે તમાકુ ઉતારવા ભાવિક ફાર્મ તરફના રસ્તાની સાઈડે ચાલતા જતા પરવટા તળાવ આગળ આવતા એક બાઇક ચાલકે લીંગડા તરફથી બાઇક લઇ પુરઝડપે આવતા આ બંનેને અથડાવી એક્સીડન્ટ કરેલ છે. એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રૂબરૂના નિવદેનમા એવુ લખાવેલ કે હું તથા ગુલાબસિંહના પત્ની ભુરીબેન તથા સુરસીંગભાઈના પત્ની કાશીબેન જગ્યા ઉપર ગયેલ અને જોયેલ તો સુરસીંગભાઈ તથા ગુલાબભાઈનાઓ નીચે બેભાન હાલતમાં પડેલ હતા. એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમા એવુ લખાવેલ કે નજીકમા પડેલ બાઈક નો નંબર મે તથા રાજુભાઇનાઓએ બાઇકનો નંબર જોયેલ તો તેનો નંબર GJ 07 EK 1974 નો હતો. એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમા એવુ લખાવેલ કે, મને જાણવા મળેલ કે આ બાઈકચાલકને પણ માથાના ભાગે ઈજા થયેલ હતી. એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમા એવુ લખાવેલ કે આ બાઈકચાલક ડાકોરના દીપ પ્રકાશભાઈ દલવાડી નાઓ હતા.એ વાત ખરી નથી કે આરોપીને બચાવવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું.

સદર સાહેદની આરોપી તર્ફે ઉલટતપાસ લેતા તેમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, બનાવ અંગે મને કોઈ જાતમાહીતી નથી.

<u>**(૧૫)**</u> ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન તરતા  આ કામે આંક–૨૩ થી ત.ક.અ. રમેશભાઈ રામાભાઈ મકવાણાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, સને ૨૦૨૩ માં હું ઉમરેઠ પો.સ્ટેમાં એ.એસ.આઇ તરીકે ફરજ બજાવતો હતો તે વખતે તારીખ ૦૪/૦૩/૨૦૨૩ નારોજની પી. એસ. ઓ. મન્જુરહુસૈન

અહેમદઅલીનાઓની રૂબરૂની ફરીયાદ અમોને આગળની તપાસ માટે મોકલવામાં આવેલ જે ફરીયાદ આ કામે આંક–૦૬ થી રજુ છે. સદર કામે અમોએ પંચોના લખાવ્યા પ્રમાણે પંચનામાની વિગતે ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ જે પંચનામું આ કામે આંક–૧૦ થી રજુ છે તે જ છે. તેમજ સદર કામે અમોએ ઈજા પામનાર ગુલાબસિંગ અભેસિંગનાઓનુ નિવેનદ લીધેલ તેમજ લગતા વળગતા સાહેદોના તેઓના લખાવ્યા મુજબના નિવેદન લીધેલ. સદર કામે ઈજા પામનાર સુરસિંગભાઈ ફતાભાઈ મકવાણા તથા ગુલાબસિંગ અભેસિંગ પેથીનાઓએ નડીઆદ સીવીલ ખાતે સારવાર કરાવેલ જેના સારવાર સર્ટી મેળવી તપાસના કામે સામેલ રાખેલ જે સારવાર સર્ટી અનુક્રમે આંક–૨૧ તથા આંક–૨૨ થી રજુ છે. સદર કામે આરોપીની અટક કરી જામીનખત મેળવી આરોપીને જામીન ઉપર મુક્ત કરેલ. આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોય નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને હું જોચે ઓળખુ છું. જે આજરોજ નામ. કોર્ટમાં હાજર છે.

સદર સાહેદની આરોપી તર્ફે ઉલટતપાસ લેતા તેમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, મને લેખિત હુકમ દ્વારા આ કામની તપાસ સોંપવામા આવેલ. એ વાત ખરી છે કે, ફરીયાદી તથા તમામ સાહેદોના નિવેદનમા આરોપીનુ નામઠામ કે સરનામુ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, આ કામના આરોપીની સ્થળ ઉપર પકડવામાં આવેલ નહી. એ વાત ખરી છે કે, આ કામના આરોપીની કોઈ ઓળખ પરેડ કરાવેલ નહી. એ વાત ખરી નથી કે, પોલીસ સ્ટેશને પંચનામુ તૈયાર કરી પંચોની સહી લીધેલ. એ વાત ખરી નથી કે, સાહેદોના નામઠામ પુછી નિવેદનો મે જાતે લખી લીધેલા. એ વાત ખરી નથી કે, આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા ન હોવા છતા ખોટી ચાર્જશીટ કરેલ છે.

**<u>પુરાવાનું મુલ્યાંકનઃ–</u>**

**<u>( ૧૬ )</u>** સદર કામે પડેલ પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામના આરોપી ઉપર ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯,૩૩૭,૩૩૮ અને એમ.વી.એકટની કલમ–૧૭૭ અને ૧૮૪ મુજબનું તહોમત છે, તે ફરિયાદપક્ષે નિઃશંકપણે

સાબિત કરવુ પડે. સદર કામે આંક–૦૯ અને આંક–૧૧ થી પંચસાહેદોને તપાસવામાં આવેલ છે. તેઓ પંચનામામાં પોતાની સહી હોવાની વાતનો સ્વિકાર કરે છે, તે સિવાયની તમામ બાબતોનો ઈન્કાર કરતા આવેલ છે. તેમની ઉલટતપાસ લેતા તેમાં પણ કોઈ હિકકત બહાર આવેલ નહિ. આમ, સદર કામે આંક–૧૦ થી રજૂ પંચનામું પુરવાર થતુ ન હોય, તેને વંચાણે લઈ શકાય નહિ. વધુમાં સદર કામે આંક–૦૫ થી ફરિયાદી સુરસિંગભાઈ ફતાભાઈ મકવાણાવે સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સરતપાસમાં એ હકિકત જણાવે છે કે, તેઓને અકસ્માતમાં ઈજા થતા બેભાન થઈ નીચે પડી ગયેલ. તેમને અકસ્માતનો બાઈક નંબર યાદ નથી. ફરિયાદપક્ષ દ્વારા તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેમની ઉલટતપાસ લેતા તેમાં પણ તેઓ કોઈ ખાસ હકિકત બહાર લાવેલ નહિ. તેઓ આરોપી તર્ફે ઉલટતપાસમાં એ હકિકતનો સ્વિકાર કરે છે કે, હું ભણેલો નથી. મેં ફરિયાદ વાંચેલ નહિ. પોલીસે શું લખેલ તેની મને ખબર નથી. વધુમાં તેઓ એ વાતનો પણ સ્વિકાર કરતા આવેલ છે કે, બાઈકનો નંબર પોલીસવાળાએ લખેલો અને રોડ ઉપર અંધારુ હતુ, ઘણા બધા વાહનોની અવર જવર હતી. આમ, ખુદ ફરિયાદી તેના પુરાવામાં બાઈકચાલકનું નામ કે, નંબર જણાવી શકતા નથી. વધુમાં તેઓ ફરિયાદ હકિકતથી અજાણ હોવાની વાતનો સ્વિકાર કરે છે અને ફરિયાદમાં લખેલ બાઈક નંબર પોલીસે લખેલ હોવાનું જણાવે છે. આમ, સદર સાહેદની જુબાની ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા બનતા નથી. વધુમાં સદર કામે આંક–૧૩ થી સાહેદ ગુલાબભાઈ અભેસિંહ ભેદીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ. તેઓ અકસ્માતમાં ઈજા થઈ સારવાર લીધાની હકિકત જણાવે છે અને બનાવ કેવી રીતે બન્યો, કયા વાહનથી બનયો, કોની બેદરકારીથી બનેલ, તેનાથી તેઓ અજાણ હોવાની વાતનો સ્વિકાર કરે છે. આમ, સદર સાહેદ પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આપતા નથી. સદર કામે આંક–૧૬ થી પ્રકાશભાઈ સુરસિંગભાઈ મકવાણાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ, તેઓ તેમની જુબાનીમાં અકસ્માતની જાણ તેમને ફોન ઉપર થયેલ. તેઓ તેમની ઉલટતપાસમાં એ વાતનો સ્વિકાર કરે છે કે, બનાવ વખતે તેઓ ઘરે હતા, બનાવ કોની બેદરકારીથી બનેલ તે તેઓ

કહી શકે નહિ. આંક–૧૭ થી કાશીબેન સુરસિંગભાઇ મકવાણા તપાસેલા સાહેદ પણ તઓ બનાવ વખતે ઘરે હતા અને બનાવ કોની બેદરકારીથી બનેલ તે જણાવી શકેલ નહિ. વધુમાં સદર કામે આંક–૧૮ થી તપાસેલા સાહેદ અમિત કૌશિકભાઇ પટેલ તેના પુરાવામાં જણાવે છે કે, તેઓ અકસ્માત બનેલ અને ઈજા પામનારને સારવાર માટે ૧૦૮ માં લઈ ગયેલાનું જાણે છે. પરંતુ તેઓને કયા વાહનથી બનાવ બનેલ તેની તેમને જાણ નથી. ત્યારબાદ સદર કામે આંક–૧૯ થી તપાસેલા સાહેદ રાજૂભાઈ મોહનભાઈ રોઠોડ તેમના પુરાવામાં જણાવે છે કે, તેમની પોલીસે કોરો કાગળમાં સહી લીધેલી અને બનાવ વખતે તેઓ સ્થળ ઉપર હાજર ન હોય, તેઓને કોઈ જાત માહિતી નથી. આંક–૨૦ થી તપાસેલા સાહેદ શૈલેષભાઈ રાવજીભાઈ રોઠોડ પણ તેમના પુરાવામાં બનાવ બાબતે કોઈ જાત માહિતી ન હોવાની વાતનો સ્વિકાર કરે છે. ત્યારબાદ સદર કામે આંક–૨૩ થી તપાસ કરનાર અધિકારી રમેશભાઈ રામાભાઈ મકવાણાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સરતપાસમાં ફરિયાદ હકિકતને વળગી રહે છે. પરંતુ તેમની ઉલટતપાસમાં એ હકિકતનો સ્વિકાર કરતા આવેલ છે કે, આ કામના આરોપીને સ્થળ ઉપરથી પકડવામાં આવેલ નથી અને આરોપીની કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી. આમ, ઉપરોકત તમામ સાહેદોનો પુરાવો જોવામાં આવે તો તેઓ બનાવથી અજાણ હોય અને જાત માહિતી ન હોય તેવુ જણાવે છે. વધુમાં તપાસ કરનાર અમલદારનો પુરાવો પણ ફરિયાદપક્ષના કેસને સમર્થનકરતા બનતો નથી. ફરિયાદી અને સાહેદોના પુરાવા ઉપરથી એ હિકકત બહાર આવે છે કે, અકસ્માત કરનાર વાહનચાલક અને વાહનથી તમામ સાહેદો અજાણ છે. આમ, આ કામે જયારે બનાવ દરમ્યાન ઈજા પામનાર ધ્વારા આ વાહન કોણ ચલાવતું હતું અને તે બેદરકારી ભરી રીતે અથવા તો ગફલત ભરી રીતે ચલાવતા હતા કે કેમ? તે બાબતે જયારે ઈજા પામનાર ધ્વારા વિશ્વાસપાત્ર પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

**(૧૭)** ઉપરોકત સાહેદોની જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવે તો હાલના બનાવમાં હાલના આરોપી બનાવ સમયે અકસ્માતવાળું વાહન ચલાવતા હોય, તેમજ તે સમયે આ આરોપી ઉપરોકત વાહન

ગફલતભરી, બેદરકારી રીતે, અથવા તો મનુષ્ય જીવન જોખમાય તેવી રીતે ચલાવી હાલનો અકસ્માત કરેલ, તેવો કોઈ વિશ્વાસપાત્ર પુરાવો આ કામે રજુ થયેલ નથી. તેમજ આ સાહેદોનો પુરાવો જેમને તેમ સ્વીકારી લેવામાં આવે તો પણ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯ મુજબના કોઈ મહત્વના તત્વો ફલીત કરતો પુરાવો આ ઉપરોકત સાહેદો દ્વારા પોતાની સોગંદ પરના પુરાવામાં જણાવવામાં આવેલ નથી. ત્યારે આ પુરાવા આધારે હાલના આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯ મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવવા માટે કોઈ નકકર પુરાવાઓ આ કામે ફરિયાદી પક્ષે રજુ કરવામાં આવેલ નથી.

<u>(૧૮)</u> હાલની ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો કોઈ પણ વ્યકિતને આ ગુના અન્વયે ત્યારે જ તકસીરવાન ઠરાવી શકાય છે કે જ્યારે પુરાવાકીય રીતે આરોપી બનાવ સમયે તેવું કૃત્ય કરેલ હોય કે બેફામ અથવા બેદરકારી રીતે કરવામાં આવેલ હોય, પરંતું ઉપરોકત કાયદાકીય જોગવાઈ તેમજ આ કામે ફરિયાદપક્ષે રજુ કરવામાં આવેલ મૌખીક પુરાવાઓને ધ્યાને લેવામાં આવે તો આ કામે હાલનો આરોપી બનાવ સમયે બનાવવાળું વાહન ચલાવતો હોય અને બેફામ રીતે, બેદરકારી ભરી રીતે અથવા તો મનુષ્ય જીવન જોખમાય તેવી રીતે ચલાવતો હોવા બાબતે કોઈ સક્ષમ પુરાવો મળી રહેલ નથી. ત્યારે હાલના આક્ષેપીત ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯ મુજબ તકસીરવાન ઠરાવી શકાય નહીં તેમ મારૂ નમ્રપણે માનવું છે.

જયારે આ કામે હાલના આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વાહન અધિનિયમ કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો આક્ષેપ છે. જે કલમો ઈજા પામનારને બેદરકારી, ગફલત ભર્યા કૃત્યના કારણે વ્યથા તથા મહાવ્યથા થવા અંગેની છે. પરંતુ જયારે આ કામે હાલના આરોપી ભારતીય દંડ સંહીતાની કલમ–૨૭૯ અન્વયે વાહન ચલાવી કોઈ બેદરકારી, ગફલત ભર્યા કૃત્યને આધારે આ ગુનો બનેલ હોવાનું પુરવાર કરવામાં નિષ્ફળ જતા હોય, ત્યારે હાલના આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૭૯, ૩૩૭, ૩૩૮ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોવાનું મારૂ નમ્રપણે માનવું છે તથા મોટર વાહન અધિનિયમ કલમ–

૧૭૭, ૧૮૪, મુજબના ગુના માટે જયારે આ કામે હાલના આરોપી બનાવવાનું વાહન બેદરકારી ભરી રીતે ચલાવતા હોય અને તેથી થયેલ અકસ્માત બાદ તેઓ ભાગી ગયેલ હોવાની હકીકત પણ પુરવાર થતી ન હોય ત્યારે પણ હાલના આરોપીને મોટર વાહન અધિનિયમ કલમ–૧૭૭, ૧૮૪, મુજબ તકસીરવાન ઠરાવી શકાય નહી તેવું મારૂ નમ્રપણે માનવું છે.

(૧૯) આમ ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા, તેમજ ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામાં આવે તો તે ફરીયાદપક્ષને મદદરૂપ સમર્થન કરતો પુરાવો બનતો નથી. આ કામે તપાસેલ સાહેદોએ ચાલક બેદરકારી અને ગફલતભરી રતી વાહન ચલાવતા હોવાનું પુરવાર કરી શકેલ નથી. આમ, જયારે અકસ્માત કરનાર ચાલાકની બેદરકારી પુરવાર થતી નથી, ત્યારે ના. સુપ્રીમ કોર્ટ દ્વારા *[2014] 1* ***Crimes (SC)*** *319,* ***Basappa V/s. State of Karnataka*** ના ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં, જયાં સુધી ફરીયાદપક્ષ અકસ્માતવાળું વાહન અકસ્માત સમયે આરોપી દ્વારા બેદરકારીથી ચલાવવામાં આવતું હતું તે હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ રહેતા હોય, ત્યારે તેવા સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી, જયારે આ કેસની ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલ તમામ સાહેદોનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ કામે અકસ્માતવાળું વાહન આ કામના આરોપી જ બેદરકારીથી અને ગફલતભરી રીતે ચલાવતું હતું તે બાબતે કોઈ વિશ્વાસપાત્ર પુરાવો રજુ કરવામાં આવેલ નથી. તેથી આરોપીને દોષીત માની શકાય નહી અને માત્ર અનુમાન કે ધારણાના આધારે બેદરકારી કે ઓળખ નકકી કરી શકાય નહી.

આમ, આ સંજોગોમાં આરોપીના નોંધવામાં આવેલ નિવેદનમાં જણાવ્યા મુજબનો આક્ષેપીત ગુનો કરેલો હોવાનું શંકાથી પર રહીને સાબીત કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નીવડતા હોવાનું મારૂ નમ્રપણે માનવું હોય મુદ્દા નં.૧નો નિર્ણય ''નકારમાં" નિર્ણિત કરી, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકતો મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

૧)   આ કામના આરોપી **દિપકકુમાર પ્રકાશભાઈ દલવાડી,** ઉ.વ.૨૫, રહે. ડાકોર નવો કુમ્ભાર વાડો, તા.ઠાસરા, જી.ખેડાનાઓને ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯,૩૩૭,૩૩૮ અને એમ.વી.એકટની કલમ-૧૭૭,૧૮૪, મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨)   આરોપીના અગાઉના જામીનખત તથા જાતમુચરકા અપીલના કામમાં હાજર રહેવા અન્વયે આજથી છ માસ સુધીના સમય ગાળા માટે લંબાવવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ ૦૭, માહે જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૭/૦૭/૨૦૨૬
ઉમરેઠ, આણંદ.

(શાલિની એસ. બારઠ)
જ્યુ. મેજી. ફર્સ્ટ કલાસ,
ઉમરેઠ, આણંદ.
જી.જે.૦૧૫૭૩

S.B.Zala-Guj. Steno